| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૪–૦૮–૨૦૨૧ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૦૪–૦૮–૨૦૨૧ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૯–૦૮–૨૦૨૩ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

.................................................................................................

**મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૧માં,મું.અમદાવાદ**

.................................................................................................

**ફો.કેસ નં.૮૮૯૪૧/૨૦૨૧**

**આંક:–**

**ફરીયાદી:–** ગુજરાત સરકારશ્રી,

(મુળ ફરીયાદી:શાલીની વા./ઓ. વિપુલકુમાર વસંતભાઈ ઠાકર),

**વિરુધ્ધ**

**આરોપી:–** **(૧)** સત્યનારાયણ ઉર્ફે પવિત્ર શ્રીવાસ્તવ સ./ઓ. પરસરામ યાદવ,(ઉ.વ.૩૮), રહે.૧૦૮, સાઉથ તુકોગંઝ સિલ્વરમોલની પાસે, ઈન્દોર, મધ્યપ્રદેશ.

**(૨)** આશીષ સ./ઓ. મોહનલાલ યાદવ,(ઉ.વ.૨૯), રહે.મકાન નં.૭/૨ સાઉથ તુકોગંઝ હોટલ સુર્યાની ગલીમાં (મકાન માલિક પંડિત પડસાઈના મકાનમાં), ઈન્દોર, મધ્યપ્રદેશ.

**(૩)** રશ્મી ડો./ઓ. કૌશલપ્રસાદ નનુરામ સોની,(ઉ.વ.૨૮), રહે.૧૨/૨૨, નહેરૂનગર અંબેચોક એલ.આઈ.જીની પાસે, (મકાન માલિક ડી.કે.યાદવ), ઈન્દોર, મધ્યપ્રદેશ.

**ગુનો: ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૬(ડી) મુજબ.**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષે | વિદવાન એ.પી.પી.શ્રી વાય.કે.વ્યાસ |
| આરોપી પક્ષે | વિદવાન વકીલશ્રી જે.બી.કોષ્ટી |

## -:: ચુ કા દો ::-

**૧.** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ભેગા મળી પુર્વ ગુનાહીત કાવતરુ રચી આ કામનાં ફરીયાદી શેર લે-વેચનું ટ્રેડીંગનું કામ કરતા હોય આરોપી નં.૧ તથા ૨ નાંઓએ તા.૦૮/૦૭/૨૦૨૦ થી તા.૨૯/૦૮/૨૦૨૦ દરમ્યાન મો.નં.૮૧ ૨૦૫૯૭૭૪૩, ૯૧૭૯૬૮૫૨૬૭ ઉપરથી ફરીયાદીને બ્રોકીંગ ફર્મ '' પ્રોમાર્ટ બ્રોકીંગ લીમીટેડ '' શેરબજારની લે-વેચમાં એડવાઈઝ આપીશ જેમા તમને સારુ એવું પ્રોફીટ મળશે તેવુ જણાવેલ અને તે બાદ આ વ્યકિતએ પંદર દિવસ સુધી તેના પર્ફોમન્સની માહીતી આપેલ જેમાં પ્રોફીટ થયા અંગેની ફરીયાદીને સમજ કરેલ અને ફરીયાદીને સારો એવો પ્રોફીટ થશે તેવી લોભામણી લાલચ આપી ફરીયાદીનો વિશ્વાસ અને ભરોસો કેળવી આરોપીઓએ ફર્મમાં ટ્રેડીંગ ખાતુ ખોલાવવા માટે આરોપી નં.૧ તથા ૩ નાંઓએ વોટસએપથી ડોકયુમેન્ટ મેળવી તમામ આરોપીઓએ જુદી જદુી તારીખે કુલ્લે રૂા.૧૯,૮૧,૮૦૦/- રોકાણ કરાવડાવી ફરીયાદીને રોકાણ કરેલ નાણાં કે શેરનું કોઈ બીલ કે પ્રોફીટ નહી આપી, પી એન્ડ એલ શીટ ઈમેલથી મોકલી આપી આરોપીઓએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી **ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૬(ડી)** મુજબ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સરકારશ્રી તરફે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમદાવાદમાં નોંધાવતા, પોલીસ સ્ટેશનનાં અધિકારીએ ફરીયાદીની ફરીયાદ નોંધી, સદર ફરીયાદ તપાસ કરનાર અમલદારને સુપ્રત કર્યા બાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદનાં અનુસંધાને યોગ્ય તપાસ કરતાં વ્યાજબી અને પુરતો પુરાવો જણાઈ આવતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

**૨.** આ કામનાં આરોપીઓ કોર્ટમાં હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો મળી ગયાની ખાતરી કરી આરોપીઓ વિરુધ્ધ આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવવામાં આવેલ છે, ત્યારબાદ આંક-૦૫ થી ૦૭ મુજબ પ્લી લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા

ન્યાયની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૩.** આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવા:–</u>**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી શાલીની વા./ઓ. વિપુલકુમાર વસંતભાઈ ઠાકરની સોંગદ પરની જુબાની | આંક–૦૯ |

**<u>દસ્તાવેજી પુરાવા:–</u>**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | આંક–૧૦ |
| ૨. | મુદામાલ રીકવરી પંચનામા | આંક–૧૧, ૧૨ |
| ૩. | પ્રો માર્ટ માર્કેટીંગ સંબધિત માહીતી નકલ | આંક–૧૩ |
| ૪. | ટ્રાન્જેકશન આઈ.ડી. સંબધિત માહીતી નકલ | આંક–૧૪ |
| ૫. | ચેટની નકલ | આંક–૧૫ |
| ૬. | બેંક ઓફ ઈન્ડીયાના પાસબુકની નકલ | આંક–૧૬ |
| ૭. | બેંક ઓફ ઈન્ડીયાના પાસબુકની સ્ટેટમેન્ટની નકલ | આંક–૧૭ |
| ૮. | મેઈલને લગતી માહીતી | આંક–૧૮ |
| ૯. | પાસબુકનાં પેજની નકલ | આંક–૧૯ |
| ૧૦. | બી.ઓ.બી.નાં ધારક ફરીદા ખાતુનનાં એકાઉન્ટની સ્ટેટમેન્ટની નકલ | આંક–૨૦ |
| ૧૧. | કોલ ડીટેલ્સની નકલ | આંક–૨૧ થી ૨૬ |
| ૧૨. | એરટેલનુ કસ્ટમર/ રીલેશનશીપ ફોર્મની નકલ | આંક–૨૭ |
| ૧૩. | સબસક્રાઈબર ડીટેલ રીપોર્ટની નકલ | આંક–૨૮ |
| ૧૪. | જીઓ પ્રીપેઈડ કસ્ટમર એપ્લીકેશન ફોર્મની નકલ | આંક–૨૯ |
| ૧૫. | પેટીએમ સંબધિત માહીતી | આંક–૩૦ |
| ૧૬. | એસ.બી.આઈ. સંબધિત માહીતી | આંક–૩૧ |
| ૧૭. | લેજર ઈન્કવાયરીને લગતી માહીતી | આંક–૩૨ |
| ૧૮. | બેંક ઓફ ઈન્ડીયા સંબધિત માહીતી | આંક–૩૩ |

| | | |
|---|---|---|
| ૧૯. | બંધન બેંક મની ટ્રી ઈન્વેસ્ટમેન્ટ એકાઉન્ટ સંબધિત માહીતી | આંક–૩૪ |
| ૨૦. | કે.વાય.સી.ના ફોર્મની માહીતી | આંક–૩૫ |
| ૨૧. | પીએનબી બેંક સંબધિત માહીતી | આંક–૩૬ |
| ૨૨. | બેંક ઓફ ઈન્ડીયાનાં એકાઉન્ટ સંબધિત માહીતી | આંક–૩૭ |
| ૨૩. | બંધન બેંક સંબધિત માહીતી | આંક–૩૮ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૩૯ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનું જણાવેલ હોય ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**૪.** સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો હોય, આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં ફરીયાદપક્ષનો પુરાવો તેમની હાજરીમાં લેવાયેલની હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય તમામ હકીકતનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

**૫.** ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

– :: **મુદ્દા** :: –

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, આ કામનાં આરોપીઓએ ભેગા મળી પુર્વ ગુનાહીત કાવતરુ રચી આ કામનાં ફરીયાદી શેર લે–વેચનું ટ્રેડીંગનું કામ કરતા હોય આરોપી નં.૧ તથા ૨ નાંઓએ તા.૦૮/૦૭/૨૦૨૦ થી તા.૨૯/૦૮/૨૦૨૦ દરમ્યાન મો.નં.૮૧૨૦૫૯૭૭૪૩, ૯૧૭૯૬૮૫૨૬૭ ઉપરથી ફરીયાદીને બ્રોકીંગ ફર્મ '' પ્રોમાર્ટ બ્રોકીંગ લીમીટેડ '' શેરબજારની લે–વેચમાં એડવાઈઝ આપીશ જેમા તમને સારુ એવું પ્રોફીટ મળશે તેવુ જણાવેલ અને તે બાદ આ વ્યકિતએ પંદર દિવસ સુધી તેના પર્ફોમન્સની માહીતી આપેલ જેમાં પ્રોફીટ થયા અંગેની ફરીયાદીને સમજ કરેલ અને ફરીયાદીને સારો એવો પ્રોફીટ થશે તેવી લોભામણી લાલચ આપી ફરીયાદીનો વિશ્વાસ અને ભરોસો કેળવી આરોપીઓએ ફર્મમાં ટ્રેડીંગ ખાતુ ખોલાવવા માટે આરોપી નં.૧ તથા ૩ નાંઓએ વોટસએપથી

ડોકયુમેન્ટ મેળવી તમામ આરોપીઓએ જુદી જદ્દી તારીખે કુલ્લે રૂા.૧૯,૮૧,૮૦૦/– રોકાણ કરાવડાવી ફરીયાદીને રોકાણ કરેલ નાણાં કે શેરનું કોઈ બીલ કે પ્રોફીટ નહી આપી, પી એન્ડ એલ શીટ ઈમેલથી મોકલી આપી આરોપીઓએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી **ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૬(ડી)** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**:૨:** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારાં નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ,

૭. ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**–: કા ર ણો :–**

૮. **મુદા નં.૧ ચર્ચા :–**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપીઓ સામે **ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૬(ડી)** ગુન્હાનો આક્ષેપ છે. આ કામનાં આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો આંક–૦૯ થી ફરીયાદી શાલીની વા./ઓ. વિપુલકુમાર વસંતભાઈ ઠાકરને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું ફરીયાદી તેમનાં પુરાવામાં આંક–૧૦ થી રજુ થયેલ ફરીયાદમાં તેમની સહી સિવાય ફરીયાદ મુજબની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તેમજ પરવાનગીથી વિગતવારની ઉલટતપાસ ફરીયાદ મુજબની હકીકતોને સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં મારે આરોપીઓ સાથે ધંધાકીય વ્યવહાર હતા. મે ફરીયાદ વાંચેલ નહી. માત્ર તેમા સહી કરેલી. આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય મારે આ કેસ આગળ ચલાવવો નથી. તે મુજબની હકીકતો સ્પષ્ટપણે કબુલ કરતા હોય,

ફરીયાદીએ આંક–૧૦ વાળી ફરીયાદ આપવામાં આવેલ છે તે મુજબની હકીકતો ને ફરીયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૧ થી ૩૮ મુજબનાં દસ્તાવેજી પુરાવા બચાવપક્ષની સમંતીથી રજુ રાખેલ છે. પરંતુ સદરહુ દસ્તાવેજોને કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરવાર કરેલ નથી. જેથી સદર દસ્તાવેજો ને માત્ર આંક પડી જવાથી તે પુરવાર થયેલ માની શકાય નહી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૯ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય, સદરહું કામે ઉપરોકત ફરીયાદી સિવાય અન્ય કોઈ સાહેદને રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપીઓએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્રપણે માનવું છે. આમ, આ કામનાં આરોપીઓએ **ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૬(ડી)** મુજબ નો ગુનો કરેલ છે તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય, મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –:: આખરી હુકમ ::–

– આ કામનાં આરોપી **(૧)**સત્યનારાયણ ઉર્ફે પવિત્ર શ્રીવાસ્તવ સ./ઓ. પરસરામ યાદવ, **(૨)**આશીષ સ./ઓ. મોહનલાલ યાદવ, **(૩)**રશ્મી ડો./ઓ. કૌશલપ્રસાદ નનુરામ સોની ને સી.આર.પી.સી. કલમ:૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈ.ટી.એકટની કલમ:૬૬(સી), ૬૬(ડી)** નાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીએ રૂ.૫૦૦૦/–(અંકે પાંચ હજાર પુરા)ની રકમનાં જામીન સહીતનો જાતમુચરકો રજુ કરવો.

– મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ સોના ચાંદીનાં દાગીના અપીલ સમય બાદ મુળ ફરીયાદીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મુદ્દામાલ મોબાઈલફોન તથા સી.પી.યુ. અંગે તેની માલિકીની ખરાઈ કરી અપીલ સમય બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં

આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૯/૦૮/૨૦૨૩
અમદાવાદ.

(મનીષ વી.ચૌહાણ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ
જજ કોડ નં. જીજે૦૧૦૧૫.

**LALJI(P.A.)**